# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

************************************************************

**1)** દિલ્હીમાં સલામતીના સઘન બંદોબસ્ત વચ્ચે સવારે અગિયાર વાગ્યા સુધી 19.95 ટકા મતદાન...

**2)** પ્રધાનમંત્રીએ મહાકુંભમાં પ્રયાગરાજ ત્રિવેણી સંગમ પર આસ્થાની ડુબકી લગાવીને ગંગા પૂજન કર્યું.

**3)** **અમેરિકાથી પરત મોકલાયેલા ભારતીયોને લઈને નિકળેલુ વિમાન બપોર બાદ અમૃતસર હવાઈમથક પર પહોંચશે.**

**4)** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝામાં રોજગારીની તકો પૂરી પાડીને તેનો આર્થિક વિકાસ કરવાની તૈયારી દર્શાવી

**5)** **ભારતીય હવામાન વિભાગે ઉત્તર ભારતનાં વિવિધ સ્થળ પર વાવાઝોડા અને વીજળી પડવાની આગાહી કરી.**

..............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# VOTER TURNOUT TILL 11 AM

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આજે સવારે 11 વાગ્યા સુધી સરેરાશ 19.95 ટકા મતદાન નોંધાયું. 70 સભ્યોની વિધાનસભા ચૂંટણી માટે આજે સવારે 7 વાગ્યાથી શરૂ થયેલું મતદાન  સાંજે 6 વાગ્યા સુધી ચાલશે.

બેઠક મુજબ, મધ્ય દિલ્હી જિલ્લામાં 16.46 ટકા મતદાન નોંધાયું છે જ્યારે પૂર્વ દિલ્હીમાં આ ટકાવારી 20.03 ટકા નોંધાઈ છે. નવી દિલ્હી બેઠક પર 16.80 ટકા, ઉત્તર દિલ્હીમાં 18.63 ટકા, ઉત્તર પૂર્વ દિલ્હીમાં 24.87 ટકા, ઉત્તર પશ્ચિમમાં 19.75 ટકા અને શાહદરા વિસ્તારમાં 23.30 ટકા મતદાન થયું હતું. દક્ષિણ દિલ્હી જિલ્લામાં 19.75 ટકા, દક્ષિણ પૂર્વમાં 19.66 ટકા, દક્ષિણ પશ્ચિમમાં 21.90 ટકા અને પશ્ચિમ દિલ્હીમાં 17.67 ટકા મતદાન નોંધાયું હતું.

# DELHI ELECTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે મતદાન કરવા અપીલ કરી છે. સોશિયલ મીડિયાના સંદેશમાં શ્રી મોદીએ પહેલી વાર મતદાન કરનારા યુવાનોને વિશેષ શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, કેન્દ્રીય મંત્રી હરદીપસિંહ પુરી, વરિષ્ઠ કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી, સેના અધ્યક્ષ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, દિલ્હીના ઉપ-રાજ્યપાલ વિનયકુમાર સક્સેના અને દિલ્હીનાં મુખ્યમંત્રી આતિશી સૌથી પહેલા મતદાન કરનારાઓમાં સામેલ છે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર, ચૂંટણી કમિશનર ડૉ. સુખબીર સિંહ સંધુ અને જ્ઞાનેશ કુમાર, પોલીસ કમિશનર સંજય અરોરા, નવી દિલ્હીથી કૉંગ્રેસના ઉમેદવાર સંદીપ દિક્ષિત, દિલ્હી ભાજપ અધ્યક્ષ વિરેન્દ્ર સચદેવા, જંગપુરા મતવિસ્તારથી મનીષ સિસોદિયા સહિત અન્ય લોકોએ આજે સવારે મતદાન કર્યું.

ઉપ-રાજ્યપાલ વિનયકુમાર સક્સેનાએ મતદાન બાદ આ મુજબ જણાવ્યું

**(બાઈટ -- ઉપ-રાજ્યપાલ, વિનયકુમાર સક્સેના)**

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે પણ લોકોને મતદાનની અપીલ કરી.

**(બાઈટ -- મુખ્ય ચૂંટણી કમિશનર, રાજીવ કુમાર)**

દિલ્હીની 70 વિધાનસભા બેઠક પર આજે 699 ઉમેદવારનું ભાવિ મતપેટીમાં કેદ થશે. મતદાન માટે રાજ્યભરમાં 13 હજાર 700થી વધુ મતદાન કેન્દ્ર બનાવાયાં છે, જેમાંથી 70 મતદાન કેન્દ્રની સમગ્ર વ્યવસ્થા મહિલાઓ, જ્યારે અન્ય 70 કેન્દ્રનું સંચાલન દિવ્યાંગો દ્વારા થઈ રહ્યું છે.

# PM MAHAKUMBH

હવે મહાકુંભનાં સમાચાર.....

(ઓપનીંગ મ્યુઝિક)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રયાગરાજ મહાકુંભમાં ત્રિવેણી સંગમ પર પવિત્ર ડૂબકી લગાવી હતી. આ પહેલા શ્રી મોદીએ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે હોડીમાં સવારી પણ કરી હતી. પ્રધાનમંત્રીએ ગંગા, યમુના અને

સરસ્વતી નદીના સંગમ ત્રિવેણી પર પૂજા-અર્ચના કરી હતી. શ્રી મોદી સાધુ-સંતો સાથે મુલાકાત કરે તેવી પણ શક્યતા છે.

ભારતના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાની સલામતી અને જાળવણીની સરકારની પ્રતિબદ્ધતાના ભાગરૂપે પ્રધાનમંત્રી તીર્થસ્થળ પર પાયાના ઢાંચા અને સુવિધાઓને વધારવા માટે હંમેશા પગલાં લીધા છે. ગત વર્ષે ડિસેમ્બર મહિનામાં પ્રયાગરાજના પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રીએ 5 હજાર 500 કરોડ રૂપિયાના 167 પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું, જેનાથી સામાન્ય નાગરિક માટે સંપર્ક વ્યવસ્થા અને સુવિધા વધુ સારી બની છે.

(ક્લોઝીંગ મ્યુઝિક)

# PUNJAB IMMIGRANTS LANDING

અમેરિકાથી 100થી વધુ ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને પરત મોકલવામાં આવ્યાં છે. ભારતીયોને લઇને આવી રહેલું અમેરિકન વિમાન આજે બપોર બાદ ભારત પહોંચશે. અમેરિકન વિમાનમાંથી પંજાબનાં અમૃતસરના શ્રી ગુરુ રામદાસજી આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર પરત મોકલાયેલા ભારતીયો ઉતરશે. સત્તાવાર સૂત્રોએ અમારા જલંધર સંવાદદાતાને પુષ્ટિ આપી છે કે હવાઈમથક પર તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

**અમેરિકન દૂતાવાસે દિલ્હીમાં જણાવ્યું કે, સંયુક્ત રાજ્ય-યુએસ દ્વારા કાયદાઓનો કડક અમલ કરવામાં આવી રહ્યો હોવાનાં કારણે આ નાગરિકોને પરત મોકલાયાં છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# REV US PREZ TRUMP NETANYAHU

અમેરિકાના રાષ્ટ્ર મુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, અમેરિકા યુદ્ધગ્રસ્ત ગાઝાપટ્ટી પર કબજો મેળવવા અને તેનો આર્થિક વિકાસ કરવાની યોજના ધરાવે છે. આજે વ્હાઇટ હાઉસ ખાતે મુલાકાતે આવેલા ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં, શ્રી ટ્રમ્પે કહ્યું, સ્થળ પરના બધા જોખમી ન ફૂટેલા વિસ્ફોટક અને અન્ય શસ્ત્રોને અમેરિકા તોડી પાડશે. શ્રી ટ્રમ્પે ઉમેર્યું, તેઓ આ વિસ્તારમાં રોજગારીની તક ઉભી કરશે અને કાટમાળ હટાવીને માળખાગત વિકાસ કરીને રહેઠાણોનું નિર્માણ પણ કરશે.

ઈઝરાયેલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન તેમની મુલાકાત લેનારા પ્રથમ નેતા છે.

# NOIDA SCHOOL THREATS

**ઉત્તર પ્રદેશના ગૌતમ બુદ્ધ નગર જિલ્લાના નોઈડામાં આવેલી ત્રણ ખાનગી શાળાઓને, બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. આ ધમકી બાદ પોલીસ પ્રશાસન અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને તપાસ કરી રહ્યા છે. શાળાઓ ખાલી કરાવવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, "નોઈડાની ત્રણ ખાનગી શાળાઓ, હેરિટેજ, મયુર સ્કૂલ અને સ્ટેપ બાય સ્ટેપ સ્કૂલને, આજે સવારે ઈ-મેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. અત્યાર સુધી કોઈપણ શાળામાં કોઈ વાંધાજનક વસ્તુ મળી નથી**

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વિવિધ સ્થળ પર વાવાઝોડા અને વીજળી પડવાની આગાહી કરી છે. ઉપરાંત આગામી બે દિવસ દરમિયાન પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં લગભગ બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો અને ત્યારબાદ ત્રણ દિવસ દરમિયાન ધીમે ધીમે 2-3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી પણ કરી છે.

દરમિયાન મહત્તમ તાપમાન 25 અને લઘુત્તમ તાપમાન 10 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગે જણાવ્યું કે, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને સિક્કિમના વિવિધ સ્થળ પર રાત્રે અને સવારે ગાઢ ધુમ્મસ રહેવાની પણ શક્યતા દર્શાવી છે.

## CRICKET-VARUN

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આવતીકાલથી ઇંગ્લેન્ડ સામે શરૂ થનારી ત્રણ મેચની એક દિવસની-ODI શ્રેણી માટે વરુણ ચક્રવર્તીને ભારતીય ટીમમાં સામેલ કર્યાં છે. તેમણે 14 વિકેટ લીધી હતી, જેમાં તાજેતરમાં ઇંગ્લેન્ડ સામેની 5 મેચની T-20 આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં રાજકોટમાં પાંચ વિકેટ લેવાનો પણ સમાવેશ થાય છે .તેમના બોલિંગ પ્રદર્શન બદલ તેઓ પ્લેયર ઓફ ધ સિરીઝ પણ રહ્યા હતા. વરુણ રોહિત શર્માની આગેવાની હેઠળની ODI ટીમમાં જોડાયા છે, તેઓ આવતીકાલે નાગપુરના વિદર્ભ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં પ્રવાસી ટીમ સામે રમવા માટે સજ્જ છે. આ મેચ બપોરે દોઢ વાગ્યે શરૂ થશે.

## CRICKET

**દક્ષિણ આફ્રિકા 20-20 ક્રિકેટ લીગમાં, MI કેપ ટાઉન ગઈકાલે રાત્રે પ્રથમ ક્વોલિફાયરમાં પાર્લ રોયલ્સને 39 રનથી હરાવીને ફાઇનલમાં પહોંચ્યું છે.આજે, સેન્ચુરિયનના સુપર સ્પોર્ટ પાર્ક ખાતે મહત્વપૂર્ણ એલિમિનેટર મેચમાં સનરાઇઝર્સ ઇસ્ટર્ન કેપ જોબર્ગ સુપર કિંગ્સનો સામનો કરશે.**

**આ મેચ આજે રાત્રે 9 વાગ્યે શરૂ થશે. આ મેચનો વિજેતા આવતીકાલે બીજા ક્વોલિફાયર મેચમાં પાર્લ રોયલ્સ સામે રમશે**